ગાંધીનગર સમાચાર

# લ્યો ત્યારે આવી ગઈ



કોણ આવી ગઈ? અરે દિવાળી આવી ગઈ. ખરું જોતાં તો દિવાળી કરતાય દિવાળી પહેલાનાં થોડા દિવસો વધારે મજેદાર હોય છે. સાફ સફાઈથી લઈને ખરીદી સુધી મજા જ મજા. દિવાળીએ આમ કરીશું ને તેમ કરીશુંના સપના જોવાની મજા અને એથીય વધારે નવા વરસે શું છોડી દઈશું કે શું ચાલું કરીશું એ વિચારવાની મજા.

ઘરમાં માળિયા ખુલ્યા હશે ત્યારે કેટલી બધી એવી વસ્તુઓ ઉપર ફરી તમારી નજર ફરી વળી હશે જે આપણને લાગે કામની છે, વરસોથી સંગ્રહી રાખી હોય અને એનું કામ જ ના પડતું હોય. આ વાત તમારે વધારે સારી રીતે સમજવી હોય તો પોતાના નહિ પણ બીજાના ઘરના મળીયાના કાટમાળ, માફ કરશો, સામાન પર નજર નાખવી. કેટલીય વસ્તું જોઈને તમને એકવાર તો એવો વિચાર આવી જ જશે, ''કેટલા કંજૂસ લોકો છે. સાવ નક્કામી વસ્તુંય સંગ્રહી રાખે છે. કંઈ ફેંકતા એમનો જીવ જ ના ચાલે!' આવી આપણને નક્કામી લાગે પણ એમના માટે બહુ કામની વસ્તું એટલે બાળકોના રમકડાં, પાપડ વણવાનો સંચો, સેવો પાડવાનું મશીન, જૂના જમાનાનું મોટું જમ્બો સાઈઝનું ઢોકળીયું, ત્રણ મોટા ડબ્બાવાળું એલ્યુમિનિયમનું કુકર, મોટા મોટા ટોકર, જૂના તેલના ડબ્બા જેવા લોખંડના ડબ્બા, મોટી મોટી સફેદ અથાણાં ભરવાની બરણીઓ, તૂટેલી છત્રીઓ...લીસ્ટ ઘણું લાંબુ થઈ શકે. આ બધી એવી વસ્તુઓ



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

છે જેનો વપરાશ ભલે હવે ઘટી ગયો છે પણ એક વખતે એનો ભરપૂર ઉપયોગ થતો હતો. એના એ ભવ્ય ભૂતકાળની યાદમાં ઘરના વડીલો એને સાચવી રાખવાનો આગ્રહ કરે અને વહુઓ એ ભારે ભારે વસ્તુઓને જોઈને જ ડરી જતી હોય એટલે એને માળિયામાંથી કાઢે જ નહિ. આજે બધું તૈયાર મળી રહેતું હોય ત્યારે એને ઘરમાં બનાવવની મથામણ કોણ કરે? ઉપરાંત હવે પહેલાંના જેવા ખાનારા લોકોય ક્યાં રહ્યા છે.

બીજાને માટે નક્કામી પણ આપણાં માટે અમૂલ્ય વસ્તુઓ એટલે જૂના જમાનાની યાદ તાજી કરાવતા ફોટા, તાંબા-પિત્તળના વાસણો, મોટા પટારા જેવા ટ્રંક અને સૌથી મહામૂલા પત્રો,



ડાયરીઓ...માણસ માત્રને એનો ભૂતકાળ વાગોળવાનું ગમે છે અને એટલે જ એના માળિયામાં કદી જગ્યા ખાલી નથી બચતી.

કેટલીક દિવાળી સમયે જ કબાટમાંથી બહાર આવતી વસ્તુઓ પણ હવે ચોખ્ખી ચણાક થઈને એની જગ્યાએ ગોઠવાઈ ગઈ હશે. ઘણા કપ-રકાબી ઉપર તો ઘરના સભ્યોએ હાથ લગાવવા ઉપર પ્રતિબંધ હોય. કોઈ ખાસમખાસ વીઆઈપી મહેમાન ઘરે પધાર્યા હોય ત્યારે જ એના દર્શન થાય. ભૂલે ચૂકે તમારા હાથમાંથી એમાંની એકાદ રકાબી/કપ ફૂટી ગયો તો તમારું આવી જ બને. વરસો લગી, ''સંભાળીને તોડી ના નાંખતી'' એવું સાંભળવું પડે, જાણે તમે જાણીને તોડફોડ કરતા હોં. બાજુવાળાની પણ તમારા ઘરના અમૂલ્ય કપ રકાબી, કીટલી, ગ્લાસ, ડિનર સેટ, સોફા કવર, ચાદરો ઉપર પાક્કી નજર હોય. જેવા એ કબાટ બહાર આવે કે તરત આવીને વખાણ કરી જાય. ક્યાંથી લીધું, કેટલામાં લીધું એવું પૂછી પણ જાય અને તમને એ વસ્તુઓ સાચવી રાખ્યાનો મનોમન ગર્વ મહેસૂસ કરાવે. ક્યાંક વળી એકબીજાના ઘરમાં આવી વસ્તુઓ ઉછીની પણ મંગાતી હોય, ખાસ કરીને જ્યારે વેવાઈ પક્ષેથી કોઈ મહેમાનગતિ માણવા પધારવાના હોય.

દિવાળી આવે કપડાની ખરીદી પણ કરવી પડે. સ્ત્રીઓને માટે એ કામ સૌથી સરળ અને પુરુષો માટે સૌથી મુશ્કેલ છે, પુછો કેમ? સ્ત્રીઓને માટે તો દર ત્રણ મહિને ફેશન બદલાઈ જાય અને હાલ માર્કેટમાં જે ફેશન ચાલી રહી હોય કે એમની ફેવરિટ સિરિયલનું મુખ્ય સ્ત્રી પાત્ર જે ફેશન કરતું હોય એવા કપડાં એ ખરીદી લે એટલે પત્યું. ભાઈઓને બચારા માટે ક્યાંય કોઈ ફેશન આવતી નથી. એના એ જ ઢીલા પેન્ટ અને સાદા શર્ટ પહેરી રાજી થવાનું. એક બે રંગ એમને ગમતા હોય અને બીજો એકાદ રંગ એમની પ્રિયાને પ્રિય હોય બસ એટલું જ એમની પસંદગીનું આકાશ. નવા સિવડાવેલા કપડાં પહેરી કોઈકને ઘરે સાલમુબારક કહેવા ગયા હોય ત્યારેય કોઈને કોઈ નાદાન પાછું ટકોર કરે, ''ભાભી કેવા સરસ તૈયાર થઈને આવ્યા છે અને તમે કેમ આજે પણ જૂના કપડામાં?'' હવે આવા સવાલનો શું જવાબ આપવો, મૌન જ ઉત્તમ...

જીતેન્દ્ર, રાજેશ ખન્ના, મિથુન, ગોવિંદા, ઋષિ કપૂર જેવા હીરોની ફેશન એ વખતે લોકો કોપી કરતા આજે કોઈ એક એવો હીરો નથી જેનું અનુસરણ કરવાનું કોમન મેનને પાલવે!

**અમસ્તું,**

દિવાળી અને આવનારા નવા વરસની શુભકામનાઓ...

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા

# લોકલ વિક્રેતાને દિવાળીની અમૂલ્ય ભેટ

**સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા 'વોકલ ફોર લોકલ' અભિયાન અંતર્ગત લોકલ વેન્ડર્સ/વિક્રેતાઓ માટે યુનિવર્સિટી કેમ્પસ ખાતે તા. ૧૦ અને ૧૧ નવેમ્બરના રોજ પ્રદર્શન યોજાયું હતું, આ પ્રદર્શનને ખુબ સારો રિસ્પોન્સ સ્ટાફ દ્વારા મળ્યો હતો**

ગાંધીનગર,તા. ૧૧

લોકલ વેન્ડર્સની આવક મોટાભાગે તેઓના પ્રોડક્ટસ ના રોજિંદા વેચાણ પર આધારિત હોય છે. પરંતુ કોવીડ-૧૯ રોગચાળાએ તેમના વ્યવસાય પર નકારાત્મક રીતે અસર કરી છે. આજે ખરીદનારની ખરીદીની પેટર્ન ઘણી બદલાઈ ગઈ છે, મોટેભાગે લોકો ઓનલાઈન ખરીદી નો આગ્રહ રાખે છે જેને લીધે લોકલ વેન્ડર ના વ્યવસાય માં મોટું નુકશાન થઈ રહ્યું છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ 'વોકલ ફોર લોકલ' અભિયાન ની પહેલ કરી છે જેમાં અત્યાર સુધી ૧૭૦ થી વધુ લોકલ વેન્ડર નું રેજીસ્ટ્રેશન થયું છે જેને સ્વર્ણિમ યુનિવર્સિટી વિવિધ માધ્યમો દ્વારા લોકલ વિક્રેતાઓના પ્રોડક્ટસ વિષે જાગૃતિ તથા પ્રચાર કરશે. જેથી મહત્તમ લોકો સુધી તેની માહિતી પહોંચે અને આ વેન્ડર્સ જોડે થી લોકો ખરીદી પોતાની જરૂરિયાત મુજબ કરવા પ્રેરાય.

આ અભિયાનના જ ભાગરૂપે તા. ૧૦ અને ૧૧ નવેમ્બર ૨૦૨૦ ના રોજ યુનિવર્સિટી કેમ્પસ, ગાંધીનગર ખાતે પ્રદર્શન યોજાયું હતું. જેમાં ૧૮ ડોમેસ્ટિક વેન્ડર ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ પ્રોડક્ટ્સ જેમ કે હાથ થી બનાવેલ દીવડાઓ, હોમમેઇડ ચોકલેટ, જ્વેલરી, હેન્ડીક્રાફ્ટ્સ, માટી થી બનાવેલ વસ્તુઓ, ગાર્મેન્ટ્સ, પેઈન્ટિંગ્સ અને કેનવાસ ચિત્રો, રસોઈ માં વપરાતા વિવિધ મરી અને મસાલાઓ, ઓર્ગેનિક ખાદ્ય વસ્તુઓ, બેકરી આઈટમ્સ, કોફી બીન્સ અને પાવડર વિગેરે વસ્તુઓ ને પ્રદર્શન માં રજુ કરી હતી.





સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ના સ્ટાફ મેમ્બર્સ દ્વારા અભૂતપૂર્વક પ્રતિભાવ આ એક્સહિબીશન માં જોવા મળ્યો હતો. તેઓ એ વિવિધ વેન્ડર્સ ના સ્ટોલ ની મુલાકાત લીધી હતી, તેઓ સાથે પ્રોડક્ટ સંબંધી જાણકારી મેળવી હતી. વસ્તુઓ ની ખરીદી સાથે સ્ટાફ મેમ્બર્સ એ પોતાના સોશ્યિલ મીડિયા પર પણ વિક્રેતાઓ અને તેઓ ની પ્રોડક્ટસ અંગે પ્રચાર કર્યો હતો.

યુનિવર્સિટીના માનનીય પ્રેસિડેન્ટ રિષભ જૈન ખાસ આ પ્રદર્શન માં ઉપસ્થિત રહ્યા હતા. તેઓ એ તમામ સ્ટોલ વિઝિટ અને વસ્તુઓ ની ખરીદી કરી હતી તે સાથે વિક્રેતાઓ સાથે સંવાદ કર્યો હતો. અને સ્વર્ણિમ યુનિવર્સિટી વોકલ ફોર લોકલ અભિયાન માટે હંમેશા અગ્રેસર રહેશે અને શક્ય તમામ સહાય કરશે તે અંગે વાત કરી હતી. શ્રી રિષભ જૈને વિક્રેતાઓ ને પોતાના પ્રોડક્ટ ના મહત્તમ વેચાણ માટે વિવિધ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરવા અંગે પણ આગ્રહ કર્યો હતો.

સ્વર્ણિમ યુનિવર્સિટી એ વોકલ ફોર લોકલ અભિયાનની એક બુકલેટ તૈયાર કરી છે જેમાં ૧૭૦ જેટલા ડોમેસ્ટિક વેન્ડર એ પોતાનું રેજીસ્ટ્રેશન કરાવ્યું છે અને ૧૮ વેન્ડર જેઓએ પ્રદર્શન માં ભાગ લીધો છે તેઓની સંપૂર્ણ માહિતી જેમ કે વિક્રેતાઓનું નામ, સરનામું, મોબાઈલ નંબર, પ્રોડક્ટ કેટેગરી વિગેરે નો સમાવેશ થાય છે. સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા વિવિધ કોર્પોરેટ, સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હોલસેલર અને ડિસ્ટ્રીબ્યુટર ના એસોસિએશન ને આ બુકલેટ ઈ કોપી ના માધ્યમ દ્વારા મોકલી આપવામાં આવશે અને નમ્ર અપીલ કરવામાં આવશે કે, તેઓ આ વેન્ડર પાસેથી પોતાની જરૂરિયાત મુજબ વસ્તુઓની ખરીદી કરીને આપણા લોકલ વેન્ડરને સપોર્ટ કરે.

એમેઝોન પાર્ટનર દ્વારા પણ લોકલ વિક્રેતા ઓ ની મુલાકાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયી હતી. જેમાં ઓનલાઈન પ્લેટફોર્મ પર બધા વિક્રેતાઓ જોડાય અને તેઓ ને રાષ્ટ્રીય સ્તર સુધીનું વેચાણ માટે પ્લેટફોર્મ મળે તે અંગે એમેઝોન માં કેવી રીતે રેજિસ્ટર થવું તે અંગે માહિતી આપી હતી.





આ પ્રદર્શનથી લોકલ વિક્રેતાઓ ને એક વિશાળ પ્લેટફોર્મ મળ્યું હતું અને વિવિધ માધ્યમો દ્વારા તેઓની વસ્તુઓ અને સર્વિસ વિષે લોકો સુધી માહિતી પહોંચવી શક્ય બની હતી . તે ઉપરાંત વિવિધ પ્રોડક્ટ કેટેગરી ના હોલસેલર, રિટેલર જોડે સંપર્ક કરી ને લોકલ વેન્ડર તેઓ ને જથ્થાબંધ વસ્તુઓ નિયમિત રૂપે વેચી શકે તે અંગે સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે. સ્વર્ણિમ યુનિવર્સિટી એ સ્થાનિક વિક્રેતાઓનો અવાજ બનવાની પહેલ કરી છે. આ રોગચાળાની પરિસ્થિતિ દરમિયાન, તેમના વ્યવસાય અને નિયમિત આવક પર વિપરીત અસર ઓછી કરવાના પ્રયાસ રૂપે આ અભિયાનનું આયોજન કરેલ છે. સ્થાનિક વિક્રેતાઓને ટેકો આપવા માટે આપણે સૌ એ જોડાવવું ખુબ જરૂરી છે.

તમામ વિક્રેતાઓ દ્વારા સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી નો આ ભગીરથ, સામાજિક પ્રયત્ન બદલ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વિક્રેતા માનસી ગોંડલીયા જણાવે છે કે, અમને આ એકસહિબીશન માં અમારી પ્રોડક્ટ લેડી બગ જ્વેલરી ને ખુબ સારો રિસ્પોન્સ મળ્યો છે, સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા આયોજિત પ્રદર્શનમાં ભાગ લઈને અમને સંતોષ અને આનંદ નો અનુભવ થાય છે , આ માધ્યમ દ્વારા અમારી પ્રોડક્ટ ની બ્રાન્ડિંગ નું પ્લેટફોર્મ અમને મળ્યું છે.

ચાંદની ફાઉન્ડેશનના વિક્રેતા શ્રીમતી ચાંદની જણાવે છે કે, અમે વંચિત બાળકો દ્વારા બનાવેલ વસ્તુઓનું વેચાણ કરીયે છીએ, સ્વર્ણિમ યુનિવર્સિટી ના આ ભગીરથ પ્રયાસ થી, શારીરિક ખોડખાપણ ધરાવતા બાળકો દ્વારા હાથ થી બનાવેલ પ્રોડક્ટ નું વેચાણ કરી ને તેઓ સારી કમાણી કરી શકે તે અંગે એક મોટું પ્લેટફોર્મ મળી શક્યું છે.

# શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન રંગોળી સ્પર્ધાનું આયોજન















ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૮ ની વિદ્યાર્થિની બહેનોની રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ અને તેનો રાખેલો તેમાં ધો-૮ ની વિદ્યાર્થિની બહેનોને પ્રોત્સાહિત કરવા અને સતત નવું કરવાની જીજ્ઞાસા વધારવા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ રંગોળી સ્પર્ધાનો વિષય ''સ્વચ્છ ભારત સ્વચ્છ ભારત રાખેલ જેમાં વિદ્યાર્થિની બહેનોએ તે વિષય આધારિત વિવિધ રંગોનો ઉપયોગ કરી તેમાં રંગોની પુરેલી.જેમાં પ્રથમ નંબર ચૌહાણ ધ્રુવિકાબા કે(ધો-૮-એ),દ્વિતીય નંબરપંચાલ ગ્રીષ્મા (ધો-૮-ડી),તથા તૃતીય નંબર-શાહ દૃષ્ટિ એન(ધો-૮-બી) આવેલ જેના માર્ગદર્શક શિક્ષક શ્રી મનિષભાઈ રિછારીયા અને નિશાબેન પટેલે આપેલ.આ સ્પર્ધામાં ભાગ લેવા બદલ શાળાના આચાર્યશ્રી નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા અને શાળાના સુપરવાઈઝરશ્રી રાજેન્દ્રભાઈ પટેલ એ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



દિગીષા ગજ્જર
લાયોનેસ ક્લબ




નિરાલી પટેલ



શાલીન મોર્યા
મો. ૯૯૭૪૮ ૯૧૩૭૧



ધૈર્ય ભાવેશભાઈ પટેલ



રયાન રાકેશકુમાર બારોટ
મો. ૯૫૧૨૬ ૦૦૯૨૭



માસ્ક પહેરો...
કોરોનાથી બચો...

# સ્વયમ્ પાક પરંપરાગત ઓછા ખર્ચે વધુ પૌષ્ટિક આહાર બનાવા માટેનો નવતર પ્રયોગ હાથ ધરાયો

ચિલોડા, તા. ૧૧

દિવાળી-નૂતનવર્ષની ઊજવણી તળ્યું, ગળ્યું, બળ્યું અને તીખું ખાવાના શોખીનો માટેની જાણકારી, સબાનતા, જાગૃતિ અર્થે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાની કસ્તૂરબા



ઝૂંપડી પાસે સૌ સેવકો સાથે મળી સ્વયમ્ પાક બનાવી આપણી પુરાણી ગ્રામ્ય સંસ્કૃતિને યાદ કરવા માટે પરંપરાગત સાદુ - ઓછું ખર્ચાળ અને પૌષ્ટિક ભોજન બનાવી સાંપ્રદ સમયની કોવિદ-૧૯ સંક્રમણ સામે રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે તેવા સમતોલ આહારને જાતે બનાવી સાથે મળી સમૂહ ભોજન માટેનો નવતર પ્રયોગ હાથ ધરાયો હતો.

માનદ્ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી દ્વારા આ સ્વયમ્ પાક બનાવવા માટેની પહેલ કરવામાં આવી હતી. જેમાં સંકુલનાં સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, સૌ સેવકોના સાથ સહકારથી ગ્રામ્ય સંસ્કૃતિને યાદ અપાવે તેવો આહાર બનાવ્યો જેમાં બાજરીનો રોટલો, રીંગણનું ભડથું, ઘી, ગોળ અને છાશ જેવા શક્તિવર્ધક ખોરાકનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધીના કુદરતી આહારનો યાદ અપાવવા અને નિરામય જીવન જીવવા માટેની ગ્રામસેવાકીય પ્રવૃત્તિ હાથ ધરી સમાજને સમાજ - ગ્રામ - શહેરી - કુટુંબોને પોતાના દૈનિક આહારમાં, સુપાચ્ય, સાદો, પૌષ્ટિક, ઓછા ખર્ચે બનતો આહાર માટેની શીખ અપાઈ.



ડૉ. મિલન ભટ્ટ, ડૉ. ગેલજી ભાટીયા, બળદેવ રાઠોડ, પ્રદિપ રાઓલ, અને મોહનભાઈ પટેલની જહેમતથી સ્વયં પાક કાર્યક્રમ સફળ થયો હતો.

# શ્રી જે.બી પ્રાથમિક શાળા દ્વારા દિવાળી કાર્ડ મેકિંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૦-૧૧-૨૦૨૦ ના રોજ ''દિવાળી કાર્ડ મેકિંગ સ્પર્ધા'' નું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષકો ના માર્ગદર્શન થી દિવાળી કાર્ડ ડેકોરેશન ની સુંદર કલાકૃતિઓ બનાવી હતી. બધાજ વર્ગના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વાલીઓએ પણ આ પ્રવૃત્તિ અંગે સકારાત્મક અભિપ્રાય આપી આ પ્રવૃત્તિને આવકારી હતી.

શાળાના આચાર્ય શ્રી નીવાબેન પટેલે માતા પિતા ના સહયોગથી તેમજ શિક્ષકોની મદદથી સુંદર દિવાળી કાર્ડ ની કલાકૃતિઓ બનાવવા બદલ વિદ્યાર્થીઓને અને વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા.

